અપીલ અરજી નં.૧૦૮ તા.૨૮–૭–૦૮

અરજદારઃ શ્રી સુરેશભાઈ છીમુભાઈ પટેલ

સામાવાળાઃકાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશભાઈ છીમુભાઈ પટેલની તા.૧૭–૬–૦૮ ની અરજીથી ગામ મોજે બમરોલીમાં આવેલ સુ.મ.પા.ના હરિજનવાસમાં ગામતળની જમીનમાં બિન અધિકૃત બાંધકામ અંગે ઉધના ઝોને લીધેલ પગલાં તથા બિન ખેતીની પરવાનગી વગર નવી શરતની જમીનમાં તથા ૭૩ એએ વિરુધ્ધ થતાં બાંધકામ અંગે લીધેલ પગલાનંની માહિતી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૦૮/૨૦૦૮–૦૯

શ્રી સુરેશભાઈ છીમુભાઈ પટેલની તા.૧૭–૬–૦૮ ની અરજીથી ગામ મોજે બમરોલીમાં આવેલ સુ.મ.પા.ના હરિજનવાસમાં ગામતળની જમીનમાં બિન અધિકૃત બાંધકામ અંગે ઉધના ઝોને લીધેલ પગલાં તથા બિન ખેતીની પરવાનગી વગર નવી શરતની જમીનમાં તથા ૭૩ એએ વિરુધ્ધ થતાં બાંધકામ અંગે લીધેલ પગલાનંની માહિતી બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./આ./૩૧૪૩ તા.૧૫–૭–૦૮ થી આપેલ માહિતી ખોટી છે અને માહિતી આપી એ સમય મર્યાદામાં આપેલ ન હોવાથી આપેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮૦ તા.૩૧–૭–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તા.૮–૮–૦૮ સા.ઝોન/ટેક./આ.નં.૩૭૫૬ઉધના ઝોન તરફથી અત્રેના વિભાગને પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ.

અરજદારને માંગવામાં આવેલી માહિતી નિયત સમય મર્યાદા અંગે કરેલ રજુઆતમાં અરજદારને સા.ઝોન/ટેક./આ.નં.૩૧૪૩ તા.૧૫–૭–૦૮ થી નિયત સમય મર્યાદામાં માહિતી પૂરી પડાયેલ છે તેમજ માંગવામાં આવેલા મુદ્દાઓ અંગે અરજદારને માહિતી આપવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક માહિતીમાં બમરોલી હરીજનવાસમાં ઠાકોરભાઈ છગનલાલ તથા ભાણાભાઈ છગનલાલએ કરેલા બાંધકામ ગ્રામપંચાયત વખતનું હોઈ કારણદર્શક નોટીસ આપેલ નથી.મુદ્દા નં.૨ માં બમરોલીના બ્લોક નં.૨૬૯,૨૭૦,૨૭૧,૨૭૪/અ/૧ ,૨૭૫,૨૭૬,૨૭૭,૨૮૫,૨૮૬ ની પરવાનગી સુડા વખતે મેળવવામાં આવેલ હતી અને તે વખતે મોટા ભાગના બાંધકામો થયેલ હતાં. તેમજ બ્લોક નં.૨૬૦ અને ૨૭૩ જય અંબે ગૃપ હા.સો. આવેલી છે. બ્લોક નં.૨૭૨ માં ઈન્ડ. કેટલાક ગાળાઓનું બાંધકામ થયેલ છે. બ્લોક નં.૨૯૧ માં જલારામ ઈન્ડ. સોસા.નું પુરેપરું બાંધકમ સુડા વખતથી ગ્રામ પંચાયત વખતથી થયેલ છે. અરજદારએ જણાવેલ બમરોલી ગામના નંબરોમાં બાંધકામની પરવાનગી આપવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે તા.૧૭–૬ –૦૮ ના રોજ કરેલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૧૫–૭–૦૮ ના રોજ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ અત્રે મોકલેલ પૂરક માહિતી અનુસારની હકીકતલક્ષી માહિતી અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન..... જાણ તથા અમલ માટે.

(૨) શ્રી સુરેશભાઈ છીમુભાઈ પટેલ,